## આજે રિ-નીટ: વલસાડમાં 10 કેન્દ્રો ઉપર પરીક્ષા લેવાશે

**તંત્ર** દ્વારા પરીક્ષાલક્ષી કોઈપણ માહિતી ન અપાઈ

વલસાડ: દેશભરમાં મેડિકલમાં પ્રવેશ માટે મહત્વની રિ.નીટ પરીક્ષા 21 જૂન રવિવારે યોજાશે. વલસાડ જિલ્લામાં પણ આ પરીક્ષા અલગ અલગ 10 કેન્દ્રો ઉપર યોજાશે. પ્રથમવાર પરીક્ષાલક્ષી કોઈપણ માહિતી જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કે સરકારની કોઈ એજન્સી દ્વારા મીડિયાને આપવામાં આવી ન હતી. જિલ્લા શિક્ષણ અધિકારીએ પણ પરીક્ષાલક્ષી વિગતો કલેક્ટર પાસેથી મળશે તેમ જણાવ્યું હતું. નોંધનીય છેકે આ પરીક્ષાને સુરક્ષિત, પારદર્શી બનાવવા નેશનલ ટેસ્ટિંગ એજન્સી નવી દિલ્લી દ્વારા કડક નિયમો અને પગલા લેવામાં આવ્યા છે.

### આ કેન્દ્રો ઉપર પરીક્ષા લેવાશે

બી.કે.એમ.સાયન્સ કોલેજ, બાઈ આવાબાઈ હાઈસ્કૂલ, ડીસી.ઓ.સાર્વજનિક હાઈસ્કૂલ પારડી, સરકારી હાઈસ્કૂલ મગોદ ડુંગરી, વલસાડ, સરકારી પોલીટેકનિક વલસાડ, કલ્યાણી સ્કૂલ અતુલ, કોમર્સ કોલેજ વલસાડ, જમનાબાઈ કન્યા વિદ્યાલય વલસાડ, જે.પી શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડ, કોન્વેન્ટ હાઈસ્કૂલ વલસાડ.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીના તબીબના દ્વારકા દર્શન કરવા ગયા ને તસ્કરો ઘર સાફ કરી ગયા

વાપી: વાપીના ચલા ગુરૂકૂળ રોડ સ્થિત સાંઈ દ્રષ્ટિ બંગલામાં રહેતા ડેન્ટિસ્ટ ડો. દ્રષ્ટિબેન ગજરે ગત ૧૪ જૂનના રોજ પરિવાર સાથે દ્વારકા દર્શનાર્થે ગયા હતા. આ દરમિયાન બંધ બંગલાનું તાળું તોડી ચોરો કબાટમાંથી રૂ.૮૦ હજાર રોકડા અને રૂ. ૯૦ હજારની ૯ બ્રાન્ડેડ ઘડિયાળો મળી કુલ રૂ. ૧,૭૦,૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. પુરાવા નાશ કરવા ચોરો સીસીટીવીનું ડીવીઆર પણ સાથે લઈ ગયા હતા. વાપી ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સલવાવની વિદ્યાર્થિનીની જીટીયુમાં સિદ્ધિ

વાપી: ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સમર -૨૦૨૬માં લેવાયેલી અંતિમ વર્ષ બી. ફાર્મસીના આઠમાં સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ શનિવારે જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામમાં સલવાવ સ્વામિનારાયણ ફાર્મસી કોલેજની ૫ વિદ્યાર્થિનીઓએ જી.ટી.યુ. ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું અને ૫૮ વિદ્યાર્થીઓએ ૮.૦૦ થી વધુ એસ.પી.આઈ. પ્રાપ્ત કરીને કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. પરિણામ મુજબ પટેલ મોલી હેમંતભાઈ ૯.૫૬ સી.પી.આઈ. સાથે સમગ્ર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે, રાય ચાંદનીકુમારી મનોજકુમાર ૯.૫૦ સી.પી.આઈ., બીજા ક્રમે, ટંડેલ ધ્રુવી ભરતભાઈ ૯.૪૬ સી.પી.આઈ, તેમજ પાંડે આકાંક્ષા પરમાનંદ ૯.૪૦ સી.પી. આઈ. છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કરી કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. એસ.પી.આઈ વાઈઝ પઠાન યાસ્મીન ઈસ્માઈલ ૯.૬૪ એસ.પી.આઈ. મેળવી ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ વિદ્યાર્થિનીઓએ જી.ટી.યુ.ની ટોપ ટેનમાં સ્થાન પ્રાપ્ત કરતા સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક સ્વામી પુરાણી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પુરાણી સ્વામી કપિલજીવનદાસજી, આચાર્ય ડો. સચિન બી. નારખેડે અને સ્ટાફએ વિદ્યાર્થીઓને અને વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

### ડાંગનાં 5 ગામોમાં જનકલ્યાણ શિબિર યોજાઇ




સાપુતારા: રાજ્ય સરકાર અને ડાંગ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક, ધારાસભ્ય વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના કાલીબેલ, ઝાવડા, મહાલપાડા, ચિંચલી અને ગારખડી ખાતે 'જનકલ્યાણ શિબિર'ના કાર્યક્રમો યોજાયા હતાં. આ શિબિરમાં લાભાર્થીઓને વ્હાલી દીકરી યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના, પીએમ કિસાન યોજના, નમોશ્રી યોજના, પી.એમ.જે.એ.વાય. યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગો માટેની આર્થિક સહાય યોજના, આધાર કાર્ડ સેવા સહિત અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટે અરજી કરવાની સુવિધા અને જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ 'જનકલ્યાણ શિબિર' કાર્યક્રમમાં તાલુકા પ્રમુખ શકુંતલાબેન પાડવી, આહવા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, તલાટીઓ, શાળાના શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વાપીમાં રાષ્ટ્રીય વાચન દિવસ ઉજવાયો



વાપી: વાંચીએ, વિચારીએ, વિકસીએ અને વિકસાવીએના સંદેશ સાથે વાપી સ્થિત આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનમાં શુક્રવારે રાષ્ટ્રીય વાંચન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજ દ્વારા કુલ 11 વિવિધ વાંચનલક્ષી સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વાંચન મેરેથોન, મનપસંદ અવતરણનું વાંચન, એક પુસ્તક એક વિચાર, ઈ-પોસ્ટર નિર્માણ, ડિજિટલ યુગમાં વાંચનનું મહત્વ વિષયક ચર્ચા, બુકમાર્ક નિર્માણ સ્પર્ધા સહિત અનેક સર્જનાત્મક અને જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. વાંચન પ્રવૃત્તિને વધુ મજબૂત બનાવવા માટે ડો. વૈશાલી દેસાઈ દ્વારા તમામ પ્રશિક્ષણાર્થીઓને વાંચન પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કોલેજના ડો. ધનેષ ઠાકોર દ્વારા પ્રશિક્ષણાર્થીઓને પુસ્તકાલય પરિચય અંગે વિશેષ માહિતી આપવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડો. પ્રિતી ચૌહાણના માર્ગદર્શન તળે સંકલન પ્રા. પીયૂષ પટેલે કર્યું હતું. જ્યારે વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓમાં નિર્ણાયક તરીકે કોલેજના પ્રા. ડો. વૈશાલી દેસાઈ, ડો. સારિકા પટેલ, ડો. જયંતીલાલ બારીશે ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહે પ્રશિક્ષણાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### પારડી ચાર રસ્તા પાસે બસમાં ચેકિંગ

પારડી: પારડી ચાર રસ્તા પાસે અચાનક એસ.ટી વિભાગ વલસાડની વિજિલન્સ ટીમ આવી પહોંચી હતી અને વાપીથી વલસાડ તરફ જતી સરકારી તમામ બસની તપાસ કરી હતી. તમામ લોકો પાસે ટિકિટ મળી હતી. અચાનક વિજિલન્સની ટીમ આવી જતા એસટી વિભાગના કર્મચારીઓ એલર્ટ થઇ ગયા હતાં. કંડક્ટરે તમામ જાણકારી અધિકારીઓને આપી હતી.

## વકાર્યામાં પાણી પ્રશ્ન વકર્યો

**વર્ષો** જૂની જલ સમસ્યા હલ કરવાનો કોઈ કાયમી ઉપાય શોધતું જ નથી!




સાપુતારા: ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં કામદ ગ્રામ પંચાયત હેઠળ આવેલા વકાર્યા ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ છેલ્લાં અનેક વર્ષોથી ગામમાં પાણીની અછત યથાવત છે અને અનેક રજૂઆતો છતાં સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ આવ્યું નથી. પરિણામે ગામની મહિલાઓને રાત્રે બે-ત્રણ વાગ્યા સુધી હેડપંપ પર પાણી માટે રાહ જોવી પડી રહી છે.

મહિલાઓના જણાવ્યા અનુસાર હેડપંપમાં પાણીનું સ્તર ખૂબ જ ઓછું હોવાથી માત્ર ત્રણથી ચાર ઘડા ભરાયા બાદ પાણી ખૂટી જાય છે. જેના કારણે કલાકો સુધી રાહ જોવા છતાં ઘણી વખત તેમને નિરાશા જ હાથ લાગે છે. સતત આવી પરિસ્થિતિનો સામનો કરતા ગામની મહિલાઓમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે ગ્રામ પંચાયતને ફાળવવામાં આવતા પાણીનાં ટેન્કર દ્વારા પણ ગામ સુધી નિયમિત પાણી પહોંચાડવામાં આવતું નથી. તાજેતરમાં મીની પાઈપલાઈન યોજના હેઠળ બે નવા બોર ફાળવવામાં આવ્યા હતા. જેમાંથી એક બોર શાળાની નજીક બાળકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઉતારવામાં આવ્યો હતો, જ્યારે બીજા બોર માટે ગામની બહાર ચૂંટાયેલા પ્રતિનિધિના નજીકના વ્યક્તિની જમીન પસંદ કરવામાં આવી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. ગ્રામજનોનો દાવો છે કે જે સ્થળે નવો બોર ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, ત્યાં અગાઉથી જ કૂવો અને બોરની સુવિધા ઉપલબ્ધ છે. બીજી તરફ, ગામના જે વિસ્તારોમાં ખરેખર પાણીની તંગી છે ત્યાં બોર ઉતારવાની મહિલાઓએ માંગ કરી હતી. તેમ છતાં, તેમની રજૂઆતને અવગણીને બોરિંગ મશીનને પરત મોકલવાનો આદેશ આપવામાં આવ્યો હોવાનું મહિલાઓએ જણાવ્યું હતુ.આ સમસ્યાના ઉકેલ માટે ગામની મહિલાઓ સરપંચના નિવાસસ્થાને પણ પહોંચી હતી, પરંતુ ત્યાં કોઈ હાજર ન હોવાનું અને સરપંચનો મોબાઈલ ફોન પણ બંધ હોવાનો ગ્રામજનોનો આક્ષેપ કર્યો હતો. આ ઘટનાને લઈને સમગ્ર ગામમાં ભારે અસંતોષ ફેલાયો છે. ગ્રામજનોનું કહેવું છે કે જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ પોતાની જવાબદારીઓથી દૂર ભાગશે, તો સામાન્ય લોકોની મૂળભૂત સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે આવશે તે મોટો પ્રશ્ન છે.

### મારી પાસે રજૂઆત આવી નથી: રાજેશ ગામીત

આ બાબતે ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ રાજેશભાઇ ગામીતે જણાવ્યું હતું કે ડાંગનાં વકાર્યા ગામે પાણીની સમસ્યા બાબતે ગ્રામજનોની મારી પાસે કોઈ રજુઆત આવી નથી. જો કોઈ રજુઆત આવશે તો તુરંત જ વહીવટી તંત્રની લાગુ ટીમને સૂચનો કરી ટેન્કર મારફતે અથવા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરાશે.




## ડાંગ જિ.નાં 43 ગામના લોકો પાણી માટે વલખે છે

**ડાંગમાં** જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં કલેક્ટરે આદેશો જારી કર્યા

સાપુતારા: ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ (વાસ્મો), ડાંગની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં "જલ જીવન મિશન - નલ સે જલ", સ્વચ્છ ભારત મિશન (ગ્રા.) ફેઝ-૨ના સુચારુ અમલીકરણ અંગે વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

ડાંગ જિલ્લામાં આવેલાં ૩૧૧ ગામોમાંથી કુલ ૪૩ ગામોમાં ઉનાળામાં સોર્સ સૂકાવાના કારણે પાણીની તકલીફો ઊભી થાય છે. જેથી આ ગામોમાં પીવાના પાણીની મુશ્કેલીઓ ન પડે તે માટે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. તબિયાર, નાયબ વન સંરક્ષક નિરજકુમાર, નિવાસી અધિક કલેક્ટર હિતેશ જણકાટ, પાણી પુરવઠાના અધિકારીઓ સહિતના જિલ્લાના સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિરોધ પક્ષ માટે હાલ ધરમપુર તા.પં. પાસે જગ્યા જ નથી!

**ધરમપુર** તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ

ધરમપુર: ધરમપુર તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા શુક્રવારે તાલુકા પંચાયત કચેરીના મીટિંગ હોલમાં તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેનના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં ગત સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી તેમજ અગાઉના ઠરાવોની અમલવારી અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

સભામાં તાલુકા પંચાયતની કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના, તાલુકા વિકાસ અધિકારીને સત્તા અને ફરજો સુપ્રત કરવા, આંબાતલાટ ગ્રામ પંચાયતમાંથી સાવરમાળ ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્ત તેમજ તાલુકા પંચાયતનો 10 ટકા ઉપકર દાખલ કરવા સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષપદ માટે યોજાયેલી ચૂંટણીમાં પૂનમબેન રણછોડભાઈ ચૌધરીને 18 મત મળતાં તેઓ વિજેતા જાહેર થયા હતા, જ્યારે વિરોધ પક્ષના ઉમેદવારને 11 મત મળ્યા હતા. સમિતિના દંડક તરીકે રસિકભાઈ સોનજીભાઈ વડની પસંદગી કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન કોંગ્રેસના પૂર્વ તાલુકા પ્રમુખ રમેશભાઈએ વિકાસલક્ષી કાર્યો પર ભાર મૂકવાની અપીલ કરી હતી. દેવુભાઈ મુકાસીએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, તાજેતરની સરપંચોની બેઠકમાં માત્ર વિરોધ પક્ષના સરપંચોને અવગણવામાં આવ્યા હતા.

અપક્ષ સભ્ય સુનિતાબેને પૂર્વ પ્રમુખ રમેશભાઈ પાડવી માટે પ્રમુખની બાજુમાં બેઠકની વ્યવસ્થા રાખવાની તેમજ વિરોધ પક્ષના સભ્યો માટે અલગ ચેમ્બર ફાળવવાની માંગ કરી હતી. તેના જવાબમાં પ્રમુખે હાલ જગ્યા ઉપલબ્ધ ન હોવાનો ઉલ્લેખ કરી ભવિષ્યમાં યોગ્ય વ્યવસ્થા અંગે વિચારણા કરવાની ખાતરી આપી હતી.

## ઉમરગામ APMCના ચેરમેન તરીકે મણીલાલ પટેલની વરણી

**વાઇસ** ચેરમેન તરીકે વિજય પાટકરની નિયુક્તિ, ટેલિફોનિક મેન્ડેટના આધારે નામો જાહેર કરાયાં



ઉમરગામ: ઉમરગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન પદે મણીલાલ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ પાટકરની સર્વ સંમતિથી બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

ઉમરગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની અઢી વર્ષની ટર્મ માટે પસંદગી કરવા ચૂંટણી શુક્રવારે ભીલાડ ગ્રામ પંચાયતના સભાખંડમાં રાખવામાં આવી હતી. જેમાં સમિતિના ડિરેક્ટર હર્ષદભાઈ શાહ, પ્રકાશભાઈ કોળી, સંદીપકુમાર ઠાકર, મણિલાલભાઈ પટેલ, શંકરભાઈ વારલી, હસમુખભાઈ કામળી, મુકેશભાઈ પટેલ, વિજયભાઈ રમણભાઈ પાટકર, ભાવિન હસમુખભાઈ પટેલ, દશરથભાઈ શંકરભાઈ અને સહકારી અધિકારી બજાર લગત જિલ્લા રજિસ્ટ્રાર સહકારી અને તાલુકા વિકાસ અધિકારી (ખેતી) ઉપસ્થિત રહ્યા હતા. ચેરમેન તરીકે એક જ ફોર્મ મણીલાલભાઈ પટેલનું ભરાયું હોય તેમને તથા વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ રમણભાઈ પાટકરને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. આ સમિતિના ડિરેક્ટર હર્ષદભાઈ શાહે (છાજેડ) 'ગુજરાત મિત્ર' સાથે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ હેમંતભાઈ કંસારાએ ટેલીફોનિક મેન્ડેટ મોકલ્યો હતો તે પ્રમાણે ચેરમેન અને વાઈસ ચેરમેનની પસંદગી કરવામાં આવી છે.

તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઉંમરગામને 10 એકર જેટલી જમીન કલગામ ખાતે ફાળવવામાં આવનાર છે. જેની તમામ તજવીજ થઈ ચૂકી છે. ધારાસભ્ય રમણભાઈ પાટકર પણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિને સહયોગ કરી રહ્યા છે.

### વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ફાધર્સ ડેની ઉજવણી

વાપી: વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલમાં ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. પિતાના પ્રેમ, ત્યાગ, સંઘર્ષ અને સંતાનોના જીવન ઘડતરમાં તેમના અમૂલ્ય યોગદાનને સન્માન આપવા માટે વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પિતા પ્રત્યેની પોતાની લાગણીઓ પ્રેમ અને કૃતજ્ઞતાના પ્રતીકરૂપે સુંદર "ટોકન ઑફ લવ" તૈયાર કરી પ્રગટ કરી હતી. વિદ્યાર્થીઓએ પોતાના હાથે બનાવેલા આ ટોકન પર પ્રેમભર્યા સંદેશાઓ લખી પિતા પ્રત્યેનો આદર અને લાગણી વ્યક્ત કરી હતી. સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ, ચેરપર્સન લાયન હિના પટેલ તથા આચાર્યા લાયન પાર્વતી પિઠાનીએ ફાધર્સ ડેની શુભેચ્છાઓ પાઠવી હતી.

## આઝાદી કા અમૃત મહોત્સવ: વાટી ગામ દવાખાના વગરનું!

**૧૩૦૦** જેટલી વસ્તી ધરાવતા ગામમાં આજે પણ સરકારી દવાખાનું નથી

વાંસદા: વાંસદા તાલુકાનું વાટી ગામ આજે પણ મૂળભૂત આરોગ્ય સુવિધાઓના અભાવે સંઘર્ષ કરી રહ્યું છે. આશરે ૧૩૦૦ જેટલી વસ્તી ધરાવતા આ ગામમાં એકપણ સરકારી દવાખાનું કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી. એચ.સી.) કાર્યરત નથી, જેના કારણે ગ્રામજનોને સારવાર માટે ગામ બહાર જવાની ફરજ પડે છે.

વાંસદાથી અંદાજે ૧૫ કિલોમીટર દૂર આવેલ વાટી ગામમાં ૧૦૦ ટકા આદિવાસી વસ્તી છે. તેમ છતાં વર્ષો બાદ પણ ગામને આરોગ્ય ક્ષેત્રે જરૂરી સુવિધાઓ મળી નથી. કોઈ અકસ્માત, ગંભીર બીમારી કે ઈમરજન્સીની સ્થિતિ સર્જાય ત્યારે દર્દીઓને સારવાર માટે વાંસદા અથવા ડાંગ જિલ્લાના વઘઈ સુધી લઈ જવા પડે છે. વાંસદા અને વાટી ગામ વચ્ચે અંબિકા નદી આવેલ હોવાથી સીધો માર્ગ ઉપલબ્ધ નથી. પરિણામે ગ્રામજનોએ લાંબો ચકરાવો લઈ વઘઈ થઈને વાંસદા પહોંચવું પડે છે. ખાસ કરીને સગર્ભાઓ, વૃદ્ધો અને ગંભીર દર્દીઓ માટે આ પરિસ્થિતિ અત્યંત મુશ્કેલીભરી બની રહે છે. ઘણી વખત પ્રસૂતિ કે અન્ય તાત્કાલિક સારવાર માટે દર્દીઓને વઘઈની હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામાન્ય લોકોને તેમના નિવાસ સ્થાન નજીક પ્રાથમિક સારવાર, રસીકરણ, માતા-શિશુ આરોગ્ય સેવાઓ, રોગપ્રતિકારક પગલાં તેમજ આરોગ્ય જાગૃતિ જેવી સુવિધાઓ પૂરી પાડતું મહત્વ પૂર્ણ કેન્દ્ર છે. રાજ્ય સરકાર દ્વારા અનેક ગામોમાં આધુનિક સુવિધાસભર પી.એચ.સી. કાર્યરત કરવામાં આવ્યા છે, પરંતુ વાટી ગામ હજુ પણ આ સુવિધાથી વંચિત છે. ગ્રામજનોને સમયસર સારવાર મળી રહે તે માટે ગામની વસ્તી અને ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વહેલી તકે વાટી ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા આરોગ્ય સબ-સેન્ટરની સ્થાપના કરવામાં આવે ગ્રામજનોની માંગ ઉઠી છે.

## ગામડાંના પ્રશ્નોનું તાકીદે નિરાકરણ લાવો: કલેક્ટર

**આહવામાં** જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

સાપુતારા: ડાંગ જિલ્લા સેવા સદન, આહવા ખાતે જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે તેમના ક્ષેત્રીય પ્રવાસ દરમિયાન જોયેલી બેઠકોમાં જાણવા મળેલ વહીવટી ક્ષતિઓની પૂર્તતા કરવા, ગ્રામીણ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીઓને સૂચના આપી હતી. ગ્રામીણ વિસ્તારોમાં એસ.ટી. બસ સેવાઓ સુદૃઢ કરવા, છેવાડાના નાગરિકોને પરિવહનની મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા, આંગણવાડીઓમાં પ્રાથમિક સુવિધાઓ આપવા જણાવ્યું હતું.

## બંધ કરાયેલી દમણની 30 દુકાનો પુન: શરૂ કરાઈ

**રસ્તા** પર વાહનો જોવા મળશે તો તે દુકાન પાછી બંધ કરી દેવામાં આવશે: ચિફ ઓફિસરની ચેતવણી

દમણ: સંઘપ્રદેશ દમણના નાની દમણ બસ સ્ટેન્ડ પાસે આવેલ સિટી સેન્ટરની 30થી વધુ દુકાનોને તેમની દુકાનો આગળ આડેધડ વાહનોના પાર્કિંગ અને તેના કારણે ઉદભવતી ટ્રાફિકજામની સ્થિતિને જોતા 3 દિવસ અગાઉ નગરપાલિકાના ચીફ ઓફિસરે તમામ દુકાનો બંધ કરવાનો આદેશ આપ્યો હતો. જેના પગલે તમામ દુકાનો ટપોટપ બંધ થઈ જતાં દુકાનદારોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સાથે તેમના ધંધારોજગારને પણ માઠી અસર પહોંચવા પામી હતી. આ અંગે દુકાનદારોનું એક પ્રતિનિધિ મંડળ નગરપાલિકાના પ્રમુખ દિપીકાબેન ટંડેલ તથા નગરપાલિકાના કાઉન્સિલર અસ્પીભાઈ દમણિયાનો સંપર્ક સાધી આ બાબતે યોગ્ય ઘટતું કરવા રજૂઆત કરી હતી. આ મામલે નગરપાલિકાના ચીફ ઑફિસર સંજામ સિંહ ચીફ ઓફિસરે તમામ દુકાનદારોને ચેતવણી આપી હતી કે, જો હવે પછી દુકાનો સામે આડેધડ વાહનો પાર્ક થયેલા જોવા મળશે અને તેના કારણે મુખ્ય રસ્તાની ટ્રાફિક વ્યવસ્થા બાધિત થશે તો જે દુકાન સામે વાહનો પાર્ક થયેલા જોવા મળશે તે દુકાનને બંધ કરવાની ફરજ પડશે.


### PUBLIC NOTICE

NOTICE is hereby given that, an Industrial purpose non agriculture open land bearing City Survey No. NA63 / PAIKI 1 / 57, Project Plot No. 57, having it's plot area 1573.00 Sq. Mtrs. situated in project namely KRISHNA INDUSTRIAL PARK located within the village limits of PALGAM, Tal - Umbergaon, Dist- Valsad, is absolutely belongs to Mr. HEMANT PRAKASH KANUGO, as per city survey records of village PALGAM.

WHEREAS, my client wants to purchase the said plot from the said land owner with clear and marketable title, without any encumbrances thereon, therefore, any person having any objections against sell OR transfer of said property OR having any claim into OR upon the said property OR any part thereof, by way of sale, inheritance, agreement, contract, mortgage, attachment, possession, gift tenancy rights OR easementary rights, OR common road rights, lease, lien, charge, trust, maintenance, bequeath etc. whatsoever, are hereby required to file their written objections along with the supporting relevant documents to me on my below mentioned address within 10 (Ten) days from the date of Publication of this notice. Failing which, it shall be presumed that, the claim if any, shall be deemed to have been waived AND / OR abandoned forever and the sale transaction of said property shall be completed by my client after expiry of said notice period. So, thereafter no objection of any person OR party shall be accepted OR considered, which kindly be noted.

**Mr. ULHAS I. TANDEL - Advocate**
Office: Aditya Darshan Building, First Floor, Above Bank of Baroda, At & Post - Umbergaon 396170, Dist - Valsad, Gujarat State

### જાહેર નોટીસ

મોજે: કુચેદ, તા. જલાલપોર, જી. નવસારીની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં. જુનો ૧૦૪ નવો ૧૧૦ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૨૧-૨૫, આકાર રૂા. ૪.૧૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક મનહરભાઈ કુંવરજીભાઈ પટેલ ની માલીકીની તથા કબજા ભોગવટાવાળી જમીન ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારના કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

મારી સુચનાથી,
તા. ૨૦-૦૬-૨૦૨૬
અસીલની સુચના અને ફરમાઈશથી,
**હિમાંશુ એસ. ખોજા** (એડવોકેટ)
૯, વ્હાઈટ હાઉસ એપાર્ટમેન્ટ, કલેક્ટર ઓફીસ નજીક, કાલિયાવાડી, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. 99090 89802

### જાહેર નોટીસ

મોજે: તવડી, તા. જલાલપોર, જી. નવસારીની સીમમાં આવેલ ખાતા નંબર-૧૦૩૯, બ્લોક/સર્વે નં. (જુનો) ૭૮૭ (નવો) ૬૬૨, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૭૨-૦૪, આકાર રૂા. ૧૫.૨૫ પૈસા વાળી જમીનના માલિક **મનુભાઈ પરભુભાઈ પટેલ** નાઓએ તેઓની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદર જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીંતો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતના ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

હમારી સુચનાથી,
મનુભાઈ પરભુભાઈ પટેલ
રહેવાસી: કણબીવાડ, તવડી, તા. જલાલપોર, જી. નવસારી. મો.: ૯૮૯૮૨ ૦૭૫૨૯
તા. ૨૦-૦૬-૨૦૨૬
**કિરણ ભગુભાઈ પટેલ** (એડવોકેટ)
ચલમ ફળીયુ, મુ.પો. કસ્બાપાર, તા. જી. નવસારી. મો.: 9909097429